અમદાવાદ જળબંબાકાર : ભારે અંધાધૂંધી

ચોમાસા પહેલા વરસાદ મ્યુનિસિપલ તંત્રની પ્રિ-મોનસુન એક્શન પ્લાનની પોલ ખોલી : કરોડોનો ખર્ચ છતાં ઠપ જેવી સ્થિતિ થઇ : વૃક્ષો ધરાશાયી થયા

અમદાવાદ,તા. ૨૪

અમદાવાદમાં આજે ભારે વરસાદ તુટી પડ્યો હતો. મુંબઈ બાદ આજે અમદાવાદની પણ મુંબઈ જેવી હાલત થઇ હતી અને બપોર બાદ ચારેબાજુ ભારે વરસાદ તુટી પડ્યો હતો જેથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ભારે અંધાધૂંધીની સ્થિતિ પણ ફેલાઈ હતી. સાંજે લોકો વિવિધ વિસ્તારોમાં અટવાઈ પડ્યા હતા અને લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. અમદાવાદના ઉત્તર ઝોનમાં સૌથી વધારે વરસાદ નોંધાયો હતો. જ્યારે પૂર્વ ઝોનમાં પણ આવી જ સ્થિતિ રહી હતી. ઉત્તર ઝોનમાં સૌથી વધારે ચાર ઈંચથી પણ વધુ વરસાદ તુટી પડ્યો હતો. ઝાડ પડવાની વિવિધ ફરિયાદો નોંધાઈ હતી.

છ જગ્યાએ ઝાડ પડ્યાની ફરિયાદ નોંધાઈ હતી. બીજી બાજુ બે જગ્યાએ ભુવા પડ્યા હોવાની ફરિયાદ નોંધાઈ હતી. અમદાવાદના રસ્તાઓ પણ બંધ જેવી સ્થિતિમાં મુકાઈ ગયા હતા. વાસણા બેરેજના સાત દરવાજા ખોલવાની ફરજ પડી હતી. અમદાવાદમાં તમામ વિસ્તારોમાં પાણી ભરાતા લોકો અટવાઈ પડ્યા હતા. એસજી હાઈવે, મકરબા, સરખેજ, નારણપુરા, ઈસ્કોન, જજીસ બગલા, વસ્ત્રાલ, નરોડા, બાપુનગરમાં પાણી ભરાઈ ગયા હતા. વાણસા બેરેજના દરવાજા પણ ખોલી દેવાયા હતા. સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની સાથે સાથે અમદાવાદમાં પણ આજે વરસાદ તુટી પડ્યો હતો. આજ રોજ પડેલ વરસાદમાં મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાવવા પામેલ હતા તેમાં ખાસ કરીને ઈસનપુર, ગોમતીપુર, વેજલપુર, રખિયાલ, નરોડા રોડ ગીરધનગર, કાળી વિ. વોર્ડના વિસ્તારની સોસાયટીમાં બેથી ત્રણ ફૂટ પાણી ભરાઈ જવા પામેલ છે. ખોખરાબ્રિજથી ગોમતીપુર સલાટનગર જવાના રસ્તે ડકલાઈમાં ભુવો પડેલ ચે તથા કુબેરનગર બંગલા વિસ્તારમાં કોર્પોરેશનનું ટ્રેક્ટર પાણીમાં ફસાઈ ગયું જેને અમદાવાદ શહે શહેરમાં ચોમાસાના પહેલા વરસાદે પ્રિ-મોનસુન એક્શન પ્લાનની નિષ્ફળતા સાબિત કરી દીધી. એક માસ પહેલા પ્રિ-મોનસુન એક્શન પ્લાનની તૈયારીરુપે બોલાવેલી બેઠકમાં ડીસીલ્ટીંગ અને કેચપીટની સફાઇ બાબતે તંત્ર દ્વારા જે આંકડા આપવામાં આવ્યા હતા તે તમામ બોગસ સાબિત થયા છે અને પ્રજા ચોમાસાના પહેલા વરસાદે ત્રાહિમાસ પોકારી ગઈ છે.

નકલી રોયલ્ટી પાસ વડે રેતી હેરાફેરી કરવાના કૌભાંડ મામલે સાત સામે ફરિયાદ

બોગસ રોયલ્ટી પાસથી સાદી રેતીની હેરાફેરી કરવી વગેરે ગુનાઓમાં સંડોવાયેલ મુખ્ય સુત્રધારને શોધવા ખાણ ખનીજ વિભાગે કમર કસી

મોડાસા, તા.૨૪

અરવલ્લી જીલ્લાના ખાણ ખનીજ વિભાગ કચેરીના અધિકારીઓએ સપાટો બોલાવી તા.૧૧ જુનના દિવસે ગરેકારયદેસર રેતી ભરેલી ત્રણ ટ્રકોની તપાસ કરતાં રોયલ્ટી પાસ નકલી હોવાનુ બહાર આવતા ખળભળાટ મચી ગયો છે.

અરવલ્લી જીલ્લા ખાણ ખનીજ અધિકારી અજીતસિંહ યદુવંશી અને તેમની ટીમે અરવલ્લી જીલ્લાના વિવિધ માર્ગોપર વોચ રાખી ગેરકાયદેસર રીતે ખનીજ દ્રવ્યોની હેરાફેરી કરતાં વાહનોની તપાસ હાથ ધરી હતી ખનીજ દ્રવ્યોની હેરાફેરી કરતાં વાહનોની તપાસ દરમ્યાન મોડાસા બાયપાસ રોડ નજીકથી પસાર થઈ રહેલ રેતી ભરેલ ત્રણ ટ્રકોની તપાસ કરતાં ત્રણેય ટ્રકોમાં ૨૫ ટનથી પણ વધુ રેતી ભરેલી હતી. જયારે આ ત્રણેય ટ્રકોના ડ્રાઈવર પાસેથી રોયલ્ટી પાસની તપાસ કરતાં આ રોયલ્સટી પાસ એક જ સીરીયલ નંબરના જણાઈ આવતા ખાણ ખનીજ અધિકારી યદુવંશી આ અંગે ઉડાણ પુર્વક તપાસ કરતાં અને ટ્રક ડ્રાઈવરોની પુછપરછ કરતાં રેતી પ્રાંતીજ પાસેથી અનોડીયા ગામેથી ભરી હતી અને રોયલ્સટી પાસ મોડાસાથી બન્યો હોવાનુ બતાવતુ હતુ. ત્યારે આ અંગે ગાંધીનગર ખાતે તપાસ કરતાં આ રોયલ્ટીસ પાસ ૨૫ મેના દિવસે ઈસ્યુ થયેલુ હોવાનુ જણાઈ આવ્યુ હતુ અને જે રોયલ્ટી પાસ ૧૦ ટન વજનનો હતો અને આ રોયલ્ટી પાસ કોઈ ભેજાબાજ ધ્વારા મોડાસાના અમૃતભાઈ ચમારનુ નામ વાપરીને બનાવામાં આવ્યુ હતુ.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ત્યારે આ અંગે ઉડાણ પુર્વક તપાસ કરતાં આ રોયલ્ટી પાસ નકલી હોવાનુ બહાર આવ્યુ હતુ. ત્યારે આ અંગે ખાણ ખનીજ વિભાગ ધ્વારા આ ભુમાફીયાઓનો સબક શીખવાડવાનુ નકકી કર્યુ હોય તેમ ખાણ ખનીજ વિભાગના ઈન્સપેકટર આલ્ફોન્સ ડીસોઝાની ફરીયાદના આધારે મોડાસા રૂરલ પોલીસ મથકે (૧) મસાર કનુભાઈ દોલાભાઈ (રહે. આકોલીયા તા.માલપુર) (૨) મસાર મનુભાઈ પ્રતાપભાઈ (રહે. આકોલીયા તા.માલપુર) (૩) ઝાલા જસવંતસિંહ રૂપસિંહ (રહે. રોઝડ તા.માલપુર) (૪) પટેલ પ્રવિણભાઈ ભગાભાઈ (રહે. ગોવિંદપુર તા.માલપુર) (૫) પટેલ સુરેશભાઈ હીરાભાઈ (રહે. પીપરાણા તા.તલોદ) (૬) અબ્બાસ કલાલ (રહે. પાંચ કુહાડાતા. ધનસુરા) (૭) તેમજ બોગસ રોયલ્ટી પાસો ઈસ્યુ કરનાર અને સાદી રેતી ભરાવનાર તથા બોગસ રોયલ્ટી પાસ બનાવનાર મુખ્ય સુત્રધાર આમ ખાણ ખનીજ વિભાગ ધ્વારા મુખ્ય સુત્રધાર સુધી પહોચવા હાલ તો ટ્રક ચાલકો અને ટ્રકના માલીકો વીરૂધ્ધ ફરીયાદ નોધારવી મુખ્ય સુતરધારને પકડવાના ચકો ગતિમાન કૃયા છે ત્યારે આગામી સમયમાં આ બોગસ રોયલ્ટી પાસ કૌભાડમાં મોટા માથાઓનુ નામ બહાર આવે તો નવાઈ નહી.

પાલનપુરમાં પ્રસુતા મહિલાને સિવિલના તબીબોએ ખાનગી હોસ્પિટલમાં ધકેલી મુકતા ચકચાર

ગાયનેક તબીબે પ્રસુતા મહિલાને અમદાવાદ રીફર કરી હાથ અદ્ધર કરી દીધા : બાળ મૃત્યુદર અટકાવવાના સરકારના પ્રયાસોને લપડાક

પાલનપુર, તા. ૨૪

રાજયના મહીલા મુખ્યમંત્રી મહીલા ઉત્કર્ષ માટે સતત કાર્યશીલ છે. ત્યારે પાલનપુર સિવિલ હોસ્પિટલનો નઘરોળ સ્ટાફ મુખ્યમંત્રીના આ મહીલા કલ્યાણના અભિગમને ઘોળીને પી ગયો હોય તેમ લપડાક લગાવી રહયો હોવાની ઘટના ફરી એકવાર પ્રકાશમાં આવી છે. પાલનપુર સિવિલ હોસ્પિટલમાં વડગામની પ્રસુતા મહીલા કણસતી રહી પરંતુ માનવતા નેવે મુકનાર ગાયનેક તબીબ સહીત સ્ટાફે દરકાર ન લેતા તેને અમદાવાદ રીફર કરી હતી. જોકે, તે અમદાવાદ પહોંચી શકે તેવી સ્થિતિમાં જ ન હોઈ તેને પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. જયાં સિવિલના સ્ટાફની ઘોર લાપરવાહીના પાપે પ્રસુતિ થતા મૃત બાળક જન્મ્યુ હોવાના અહેવાલ સાપડતા ચકચાર મચી જવા પામી હતી.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર સિવિલ હોસ્ટિલના ઈન્ચાર્જ સિવિલ સર્જનના રાજમાં સ્ટાફ ફાટીને ધુમાડે ગયો છે. ત્યારે માનવતા નેવે મુકી માત્ર ગાંધી છાપ નોટોને મહત્વ આપનારા કેટલાક તબીબો કાઠા કબાડા કરવામાં ગળાડુબ રહેતા હોવાની ફરીયાદો ઉઠી છે. ત્યારે આજે પણ પાલનપુર સિવિલના સ્ટાફનો વરવો ચહેરો લોકો સામે આવ્યો હતો. વડગામની ગુડીબેન વિક્રમભાઈ દેવીપુજક નામની વીસ વર્ષીય મહીલાને વડગામ સી.એચ.સી. ખાતેથી ડીલેવરી અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાઈ હતી. જોકે, પાલનપુર સિવિલમાં ગાયનેક તબીબ ઓપરેશનમાં હોવાના બહાના તળે તે ગરીબ મહીલાની સારવારથી દુર ભાગતા રહ્યા અને અન્ય તબીબ પણ આ મહીલાની વ્હારે આવ્યા નહતા. વળી, પ્રસુતા મહીલાની હાલત નાજુક હોવા છતાં તે અમદાવાદ પહોંચે તેવી સ્થિતિ ન હોવા છતાં તેને અમદાવાદ રીફર કરવાની સલાહ આપી તબીબે પોતાની ગુન્હાહીત બેદરકારીના દર્શન કરાવ્યા હતા. જોકે, મહીલા અમદાવાદ પહોંચે તેવા કોઈ સંજોગો ન જણાતા તેને પાલનપુરના ખાનગી ગાયનેક તબીબને ત્યાં ખસેડાઈ હતી. જેમાં સિવિલમાં સમયસર સારવાર ન મળી હોવાના અભાવે તેણીને મૃત બાળક જન્મ્યું હોવાના અહેવાલ વચ્ચે તેના પરીવારજનોએ સિવિલના માનવતાવિહીન સ્ટાફ સામે ફીટકારની લાગણી વરસાવી હતી. ત્યારે રાજયના આરોગ્યમંત્રી બનાસકાંઠાના વાવના ધારાસભ્ય ઘર આંગણે જાહેર આરોગ્ય સાથે ખિલવાડ કરતા સિવિલના તબીબો સહીતના સ્ટાફને માનવતાના પાઠ ભણાવે તેવી માંગ જોર પકડી રહી છે.

પંચશીલ પાર્કમાં આજે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૨૪

મા મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩-સી દ્વારા આનંદનો ગરબો શ્રીમતી મધુબેન વિષ્ણુભાઈ પટેલ પ્લોટ નં. ૭૯૭/૧ સેકટર-૨૧ પંચશીલ પાર્કમાં તા. ૨૫મી જુનના રોજ બપોરે અઢી વાગે યોજાયેલ છે. શ્રીમતી પ્રફુલ્લાબેન ભાવસાર, મહિલા પ્રમુખશ્રી મા મેલડી આનંદ ગરબા મંડળે જણાવેલ છે.

ખેડૂતો માટે પાક વીમા સંરક્ષણ જરૂરી અને લાભદાયી

એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા લીમીટેડ દ્વારા રાષ્ટ્રીય કૃષિ વીમા યોજનાનું રવિ ૧૯૯૯-૨૦૦૦ થી અમલીકરણ ગુજરાત રાજ્યમાં થયેલ છે. ગુજરાત રાજ્ય ના ૧.૫૧ કરોડ ખેડૂતોએ અત્યાર સુધી આ યોજનાનો લાભ લીધેલ છે જેમાં ૮૭૧૦ કરોડના દાવાઓ છેલ્લા ૧૫ વ"ાદરમિયાન ચુકવવામાં આવ્યા છે.

રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના ડાંગર પાક માટે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત માટે વધુ લાભદાઈ બનાવી છે. ક્ષતિ પૂર્તિની કક્ષા (જોખમ પૂર્તિ) ૬૦% થી વધારી ૮૦% કરવામાં આવી છે. વળી પ્રીમીયમનો દર પણ ડાંગર પાક માટે ૨%રાખેલ છે. આથી ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના તમામ ખેડૂતો ને નમ્ર નિવેદન છે કે તેઓ આ વરસે જરૂર થી આ યોજનાનો લાભ લે અને તેમના પાક ને વીમા થી રક્ષણ આપે. નજીકની કોઈ પણ બેંક શાખામાં જઈને પાક વીમા ને લગતી માહિતી મેળવી અચૂક પાક વીમો ઉતરાવવા દરેક ખેડૂત ભાઈઓને વિનંતી.

ખરીફ ૨૦૧૪ ના મગફળી અને કપાસ સિવાયના પાકના દાવાઓની ચુકવણી થઈ ગયેલ છે. મગફળી અને કપાસ ના દાવાઓ પણ ટૂંક સમયમાં જ ચુકવવામાં આવશે.

શબ્દાવલી - ૫૭૬૯

૧	૨	૩	૪	■	૫	૬	૭
૮				■	૯		
	■	■	૧૦			■	
૧૧		૧૨		■	■	૧૩	
■	■		■	■	૧૪	■	■
૧૫			■	૧૬		૧૭	૧૮
	■	૧૯			■	૨૦	
	■		■	૨૧			

આડી ચાવી

૧. રખડતું, ભટકતું (૪)
૫. તોછડાઇ (થી બોલાવવું(૩)
૮. દ્વાર, બારણું (૪)
૯. ધણી, શેઠ (૩)
૧૦. ગુનો, ભુલ (૩)
૧૧. કર્તાહર્તા (૪)
૧૩. બુમ પાડીને પડવું તે (૨)
૧૫. કર્મ, જેવી... તેવી ભરણી (૩)
૧૬. પૃથ્વી, ધરણી (૪)
૧૯. ધરા (૩)
૨૦. છરી, કરવતી (૨)
૨૧. જમીન મહેસુલ, તાલુકો(૪)

ઊભી ચાવી

૧. યાદ, રહી જાય તેવું (૪)
૨. મિત્ર, દોસ્ત (૨)
૩. વાવ શબ્દ ઊંધો થયો (૨)
૪. રજો ગુણવાળું (૪)
૫. મિજાજી, અભિમાની (૩)
૬. કાળકામા, એક દેવી (૨)
૭. રોકવું કે ટોકવું તે (૨)
૧૨. શેષનાગ કે વિષ્ણુ (૫)
૧૪. એક ધાન્ય (૨)
૧૫. કૂડો, સંજવારી (૩)
૧૬. ભૂતકાળ (૩)
૧૭. નિકાસ કરવા યોગ્ય (૩)
૧૮. ઘાતક, મર્મવેધી (૩)

શબ્દાવલી ૫૭૬૮ના જવાબ

આડી ચાવી :- (૧) આશાતંતુ (૪) રાક્ષસ (૬) દુરાગ્રહ (૭) કાફર (૯) તપસ્યા (૧૧) અસ્તબલ (૧૩) અલિ (૧૪) કવીતા (૧૬) લત (૧૭) રીસ (૧૯) નડ (૨૦) જઇફ (૨૧) બાફ (૨૨) સ્તર (૨૩) દર (૨૪) બીલી

ઊભી ચાવી :- (૧) આશંકા (૨) તંદુરસ્ત (૩) તુરા (૪) રાહત (૫) સમસ્યા (૮) ફઅલિત (૧૦) પરવીન બાબી (૧૨) બકરી ઇદ (૧૩) અલમસ્ત (૧૫) તાડફલી (૧૮) સફર

પાઠ ભણાવશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રમુખપદનો કાર્યભાર સંભાળ્યા બાદ પોતાની પ્રથમ પત્રકાર પરિષદમાં શ્રી ડાભીએ જણાવ્યું હતું કે જિલ્લાનો પ્રવાસ તેઓ ટુંકમાં જ શરુ કરનાર છે. તેમની નવી ટીમની ઘોષણા પણ એકાદ પખવાડિયામાં કરી દેવામાં આવશે.

નવી ટીમ તમામ આગેવાનોને સાથે રાખી રચવામાં આવશે. સામાજિક સંતુલન તેમની નવી ટીમમાં હશે તેવા સંકેત પણ તેમણે આપ્યા હતા.

આજે ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાયેલ જિલ્લાના કાર્યકર સંમેલનની વિગતો તેમણે આપી હતી. આ સંમેલનમાં પ્રદેશ નેતાઓ ઉપરાંત જિલ્લાના તમામ સ્તરના કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહેશે.

આજની આ પત્રકાર પરિષદમાં ધારાસભ્ય શ્રી અમીત ચૌધરી, શ્રીમતી કામિનીબા રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી મુકેશ પટેલ પણ હાજર રહ્યા હતાં.

મેઘરાજાની પધરામણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

થયેલો પ્રથમ વરસાદ મન મુકીને વરસ્યો હતો.

પ્રથમ વરસાદની મોજ માણવા માટે શહેરીજનો તલપાપડ બન્યા હતા. ગોટા, ભજીયા અને દાળવડાની લારીઓ પર ભારે ભીડ જામી હતી. શાળા કોલેજ ગયેલા વિદ્યાર્થીઓએ છુટવા સમયે મનભરીને વરસાદમાં નહાવાનો આનંદ માણ્યો હતો. માર્ગો પર પણ યુવાનો વરસાદની મજા માણતા જોવા મળ્યા હતા. એકધારો વરસાદ મોડી સાંજ સુધી પડતા શહેરના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. વાહનચાલકો પણ કેટલાક સ્થળે ફસાયેલા હોવાના દેશ્યો જોવા મળ્યા હતા. ગયા વર્ષે પેક કરીને મુકી દીધેલા છત્રી અને રેઈનકોટ બહાર કાઢવાની ફરજ પડી હતી.

મૌસમના પ્રારંભે જ સારો એવો વરસાદ પડતા જિલ્લાના ખેડૂતો એકદમ આનંદમાં આવી ગયા હતા. ઓછા વરસાદની અગાઉ થયેલી આગાહીથી એકદમ ચિંતિત બનેલા ખેડૂતો પ્રથમ વરસાદના સારા શુકનથી આનંદિત બની ગયા છે. અને વાવણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. હવામાન વિભાગે હજુ આગામી બે દિવસમાં ભારે વરસાદ પડશે તેવી આગાહી કરી છે. અરબી સમુદ્રમાં છવાયેલું ડીપ ડીપ્રેશન સૌરાષ્ટ્ર, ગુજરાત પરથી પસાર થઈ રહ્યું છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રનો દરિયો તોફાની બન્યો હતો. સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતના ઘણા વિસ્તારોમાં અતિ ભારે વરસાદ પડતાં ફોન-મેસેજ, વોટસએપ દ્વારા ત્યાં રહેતા મિત્રો અને સગાસંબંધીઓના ખબર અંતર પુછવાનો સીલસીલો ચાલુ થયો હતો. વોટસએપમાં આવતા મેસેજ અને તસ્વીરથી ફોનનો ડેટા ભરાઈ ગયો હતો.

મોડી સાંજે હવામાન વિભાગ પાસેથી મળતા ડેટા અનુસાર ગાંધીનગરમાં સાંજે ૫.૩૦ સુધી ૬૨ મી.મી. વરસાદ પડયો છે. વરસાદ પડતા જ નગરજનોને ગરમીથી છુટકારો મળ્યો હતો. મહત્તમ તાપમાન આજે ૨૯.૦ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૬.૦ ડિ.સે. નોંધાયું હતું. ભેજ સવારે ૭૬ ટકા અને સાંજે ૯૬ટકા રહ્યો હતો.

છેલ્લે મળતી માહિતી મુજબ ડીપ ડીપ્રેશન અમદાવાદથી ૮૦ થી ૯૦ કિમી દુર સુધી આવી પહોંચ્યું છે. થોડાક જ કલાકોમાં તે અમદાવાદ આવી પહોંચવાની શકયતાઓ છે. આગામી ૨૪ કલાકમાં અમદાવાદ, ગાંધીનગરમાં ભારેથી અતિ ભારે વરસાદ પડે તેવી શકયતાઓ છે. ભારે વરસાદની આગાહીને પગલે તંત્ર સાબદુ બન્યું છે. ફાયરબ્રિગેડ અને અન્ય એજન્સીઓને સ્ટેન્ડ ટુ રહેવાની તાકીદ કરવામાં આવી છે.

કંટ્રોલરૂમ શરૂ કરાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપરાંત આજે મ્યુનિસિપલ કમિશનરશ્રી તથા નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા શહેરના વિભિન્ન વિસ્તારોની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં ખાસ કરીને વરસાદી પાણી ભરાઈ શકે તેવા સંભવીત સ્થળોની મુલાકાત લઈ પાણી ન ભરાઈ રહે તે માટે સંબંધીત કર્મચારીઓને સુચના અપાઈ હતી. તેમજ આકસ્મિક ઘટનાઓ દરમ્યાન ઉપયોગમાં લેવાતાં જરૂરી સાધનોનું નિરીક્ષણ પણ કરવામાં આવ્યું હતું. આ સાથે મ્યુનિસિપલ કોર્પોરેશનના સેનેટરી ઈન્સ્પેક્ટરો દ્વારા પણ જુદા જુદા વિસ્તારોની મુલાકાત લઈ અગમચેતી રૂપે જરૂરી કામગીરી કરવામાં આવી હતી. દરમિયાન આજે મ્યુનિ. કમિશનરશ્રી દ્વારા અધિકારીઓ/કર્મચારીઓની તાકીદની બેઠક યોજવામાં આવી હતી. જેમાં ચોમાસું ઋતુ દરમિયાન આકસ્મિક ઘટનાઓને નિવારવા તેમજ અન્ય બાબતો સંદર્ભે જરૂરી સૂચનાઓ અપાઈ હતી. આ પ્રસંગે ડેપ્યુટી મેયરશ્રી કાર્તિકભાઈ પટેલ, પક્ષના નેતાશ્રી ગોવિંદભાઈ પરમાર તથા નેતાશ્રી ચીમનભાઈ વિંઝુડા સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને કામગીરીમાં સંપુર્ણ સહકારની ખાતરી આપી હતી.

ધારીમાં ૨૨ ઈંચ વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગઈરાતથી શરૂ થયેલા ભારે વરસાદના કારણે સૌરાષ્ટ્રના મોટાભાગના ડેમ છલકાઈ ગયા હતા. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશને હાઈએલર્ટ જાહેર કરી નાગરીકોને આગામી ૨૪ કલાક સુધી તેમના ઘરમાં રહેવા જ અપીલ કરી હતી. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં તોફાની પવનના કારણે તુટી પડેલા ભારેથી અતિભારે વરસાદના લીધે સેંકડો વૃક્ષો, હોર્ડિંગ્સ વગેરે ધરાશાયી થયા હતા. કરોડોની માલ-મિલકતને નુકશાન થયું હતું. ગોંડલમાં ભારે વરસાદથી બે વ્યક્તિઓના મોત થયા હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. જ્યારે પાણીના ધસમસતા પ્રવાહના કારણે સુલ્તાનપુરનો બ્રીજ ભયજનક સ્થિતિમાં મુકાતા સ્થળ પર પહોંચેલા ગોંડલના મામલતદાર અને અન્ય અધિકારી પણ પાણીમાં ફસાતા તેમને બચાવવા જામનગર એરબેઈઝથી ભારતીય વાયુદળના હેલિકોપ્ટરને રવાના કરવામાં આવ્યા હતા. જેમણે આ બન્ને અધિકારીઓને હેમખેમ બચાવી લીધા હતા. અરબી સમુદ્રમાં દિવ નજીક ૬૦૦ કિલોમીટર પહોંળુ અને ૪૫૦ કિલોમીટરની ઘનતા ધરાવતું ડિપ ડિપ્રેશન ગુજરાત તરફ આગળ વધી રહ્યું હોવાથી હવામાન વિભાગે ગઈકાલે ૪૮ કલાક દરમિયાન ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી હતી. જેના પગલે ગઈરાતથી જ ખાસ કરીને સૌરાષ્ટ્ર સહિત દક્ષિણ ગુજરાત ઉપર બારેમેઘ ખાંગા થયા હતા અને સૌરાષ્ટ્રભરમાં અનેક સ્થળોએ પાંચ ઈંચથી માંડીને ૩૦ ઈંચ જેટલો અનરાધાર વરસાદ ખાબક્યો હતો. વર્ષો બાદ ગુજરાતમાં ૨૪ કલાક દરમિયાન પડેલા અતિ ભારે વરસાદથી વહીવટી તંત્ર પણ સ્તબ્ધ થઈ ગયું હતું અને ગુજરાતમાં અગાઉ થયેલા કંડલા વાવાઝોડાની યાદ તાજી થઈ હતી. આ ભારે વરસાદથી મોટાપાયે કોઈ જાનહાનિના અહેવાલો પ્રાપ્ત થયા નથી. પરંતુ ગોંડલમાં બે વ્યક્તિના મોત થયા હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. ગઈ રાતથી શરૂ થયેલા અવિરત વરસાદ અને અનરાધાર વરસાદને લીધે સેંકડો ગામ સંપર્ક વિહોણા થયા હતા. અનેક સ્થળોએ અંધારપટ સર્જાઈ ગયું હતું. ટેલિફોન અને મોબાઈલ સેવાઓ પણ ખોરવાઈ જતાં બચાવ અને રાહત કામગીરીને અસર થઈ હતી. ભારેથી અતિભારે વરસાદના કારણે સર્જાયેલી ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખી રાજ્ય મંત્રીમંડળની મુખ્યમંત્રી આનંદીબેન પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં એનડીઆરએફની ટુકડીઓને તાત્કાલિક બચાવ કામગીરી માટે રવાના કરવાનો નિર્ણય લેવાયો હતો.

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ
બ્લોક નં. ૧૬/૧૭, ૪થો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

ટેન્ડર નોટીસ

નિગમનું સાહિત્ય કુરીયર મારફતે મોકલવા માટે રસ ધરાવતી એજન્સીઓ પાસેથી ટેન્ડર દરખાસ્ત તા. ૧૩/૭/૨૦૧૫ બપોરના ૨.૦૦ કલાક સુધીની સમય મર્યાદામાં મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ www.gujarattourism.com પરથી ડાઉનલોડ કરી શકાશે. વધુ માહિતી નિગમના ઉપર જણાવેલ સરનામે કચેરી સમય દરમિયાન ઉપલબ્ધ થઈ શકશે.

મેનેજર (માર્કેટીંગ)

BEFORE THE SOLE ARBITRATOR
SHRI T. VENUGOPALAN, ADVOCATE, CHENNAI, A.C.P/TV/No.230 OF 2015
In the matter of Arbitration and Conciliation Act 1996 AND In the matter of Loan Agreement No. GAG00581G dated 22.06.2013
and Disputes between,
M/s. Indusind Bank Ltd.
Rep. by its Manager, Legal, No. 115 & 116, G. N. Chetty Road, T.N. Nagar, Chennai-600017
...Claimant /Lender
AND
1. MR. MAKWANA RATANJI FATAJI S/O. MR. MAKWANA FATAJI 976-SIMTAL HARIPURA,AT-DOLARANA VASANA, TA-GANDHINAGAR DI. GANDHINAGAR - 382320
...Respondents 1& 2
Sirs,
Please Take Notice that the above Arbitral Claim Petition has been preferred against you both for the recovery of a sum of Rs.74,800/- together with interest and costs.
TAKE FURTHER NOTICE that the above matter stands posted to 02.07.2015 at 17.00 to 18.00 Hours, at the venue of our office at G3, Ground Floor, New Nos: 13 & 15, Post Road, 3rd Street, Teynampet, Chennai-600018, for your appearance either in person or through your authorized representative and to state your objections, if any, failing which proceedings will be commenced and arbitral award will be passed on available documents in your absence.
Dated at Chennai on this the 11th day of June, 2015.
T. VENUGOPALAN
Sole Arbitrator

જાહેરાત ૦૧-૨૦૧૫

ધોરેલા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, બ્લોક નં. ૧૧-૧૨, ઉજો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર ખાતે મેનેજમેન્ટ સપોર્ટ એજન્સી તરીકે હિસાબ અને નાણાની કામગીરી માટે ગાંધીનગર સ્થિત અનુભવી અને પ્રતિષ્ઠિત ચાર્ટડ એકાઉન્ટન્ટ સંસ્થાઓ પાસેથી સીલબંધ કવરમાં ભાવો ફક્ત રજી.પોસ્ટ એ.ડી.થી મંગાવવામાં આવે છે.

સ્કોપ ઓફ વર્કસ તેમજ બોલીઓ અને શરતો અંગેની વિગતો ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૬-૦૦ કલાક વચ્ચે તા. ૧૦/૭/૨૦૧૫ સુધીમાં ઉપરોક્ત સરનામેથી 'ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી'ના નામનો રૂ. ૫૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ (પરત નહીં ચૂકવવાપાત્ર) ફીની ચુકવણી કર્યેથી રૂબરૂમાં મેળવી શકાશે. કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણ દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે. ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે. ટેન્ડર ફોર્મ ઉપરોક્ત અધિકારીને સીલબંધ કવરમાં તા. ૧૫/૭/૨૦૧૫ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

તા. ૨૩/૬/૨૦૧૫ — હિસાબી અધિકારી
સ્થળ : ગાંધીનગર — ડીએસઆઈઆરડીએ
માહિતી/૭૪૨/૨૦૧૫-૧૬

BEFORE THE SOLE ARBITRATOR
SHRI T. VENUGOPALAN, ADVOCATE, CHENNAI, A.C.P/TV/No.229 OF 2015
In the matter of Arbitration and Conciliation Act 1996 AND In the matter of Loan Agreement No. GAG00446G dated 18.12.2012
and Disputes between,
M/s. Indusind Bank Ltd.
Rep. by its Manager, Legal, No. 115 & 116, G. N. Chetty Road, T.N. Nagar, Chennai-600017
...Claimant /Lender
AND
1. MR. RATHOD NAVALSINH KALUSINH S/O. MR. RATHOD KALUSINH 14-KOTVAS NAWANAGAR, AT- ANODIYA, TA-MANSA, DI-GANDHINAGAR 382855
...Respondents 1& 2
Sirs,
Please Take Notice that the above Arbitral Claim Petition has been preferred against you both for the recovery of a sum of Rs.73,071/- together with interest and costs.
TAKE FURTHER NOTICE that the above matter stands posted to 02.07.2015 at 17.00 to 18.00 Hours, at the venue of our office at G3, Ground Floor, New Nos: 13 & 15, Post Road, 3rd Street, Teynampet, Chennai-600018, for your appearance either in person or through your authorized representative and to state your objections, if any, failing which proceedings will be commenced and arbitral award will be passed on available documents in your absence.
Dated at Chennai on this the 11th day of June, 2015.
T. VENUGOPALAN
Sole Arbitrator